કો. ૬૪ ૯
(૫)

વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમોની સીધા ધિરાણની યોજના અંતર્ગત રૂ.૭૮૦૦ લાખની ફાળવણી કરવા બાબત (વર્ષ ૨૦૧૯-૨૦)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૧૦૫૪૭૬/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
૨૯.૦૫.૧૯ તારીખઃ-૨૭/૦૫/૨૦૧૯

<u>વંચાણમાં લીધાઃ-</u>

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૧/૦૩/૨૦૧૯નો ઠરાવ

<u>ઠ રા વઃ-</u>

આ વિભાગના સરખા ક્રમાંકના વંચાણે લીધેલા તા.૧૧/૦૩/૨૦૧૯ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિ અને લઘુમતિ વર્ગના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૩) ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ (૪) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને (૫) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કુલ રૂ.૭૮૦૦ લાખની સીધા ધિરાણની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ રકમની વહેંચણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબના પાંચ નિગમોને રૂ.૭૮૦૦ લાખની ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | ફાળવેલ રકમ (રૂ લાખમાં ) |
|---|---|---|
| ૦૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ. ૧૬૦૦.૦૦ |
| ૦૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ. ૧૮૦૦.૦૦ |
| ૦૩ | ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | રૂ. ૧૨૦૦.૦૦ |
| ૦૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ. ૧૭૦૦.૦૦ |
| ૦૫ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ. ૧૫૦૦.૦૦ |
| | કુલ | રૂ. ૭૮૦૦.૦૦ |

૩૦/૦૫/૨૦૧૯

ઉપરોક્ત ફાળવણીથી મળતાં નાણાં વર્ષ ૨૦૧૯-૨૦માં ખર્ચવા માટે સંબંધિત નિગમોએ Sector-wise ધિરાણનો Action Plan એક સપ્તાહમાં સરકારશ્રીમાં રજૂ કરવાનો રહેશે. આ એક્શન પ્લાન (ખર્ચ-આયોજન) મંજૂર થયા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૩/૦૫/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.એમ.ચૌધરી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી બજેટ, અને કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯